# કૃષિમંત્રી બાબુ બોખેરીયાને ત્રણ વર્ષની જેલની સજા

## પોરબંદર અદાલતે બાબુભાઈ સહિત ૪ને સજા ફટકારી : બાબુભાઈએ પહેલાથી જ જામીન અરજી કરી હોવાથી સાત દિવસ માટેના જામીન મળ્યા

રાજકોટ,તા. ૧૫

ગુજરાતમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારમાં જળસંશાધન પ્રધાન રહેલા બાબુભાઈ બોખેરીયાને આજે વર્ષ ૨૦૦૬માં ૫૪ કરોડ રૂપિયાના ગેરકાયદે લાઈમસ્ટોન માઈનીંગ કેસમાં ત્રણ વર્ષની આકરી જેલની સજા ફટકારવામાં આવી હતી. મોદી સરકારમાં પ્રધાન બાબુભાઈને સજા કરવામાં આવતા ભાજપને ફટકો પડ્યો છે. વર્ષ ૨૦૦૬ના આ મામલામાં પોરબંદરની નીચલી અદાલતે બાબુભાઈ સહિત ચાર લોકોને સજા ફડકારી હતી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સીવી પંડ્યા દ્વારા બાબુભાઈને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. મોદી સરકારમાં જળસંશાધન પ્રધાન બાબુભાઈ પર ગેરકાયદે ખાણ અને ચોરીના મામલામાં એક કેસ ચાલી રહ્યો હતો. આ કેસમાં પોરબંદરની કોર્ટે સજા સંભળાવીને બાબુભાઈને ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૦૬માં નિરમા કંપનીએ લાઈમસ્ટોન, માઈનીંગ માટે સરકાર પાસેથી મંજુરી મેળવી હતી. ત્યાં કંપનીના મેનેજરે લાઈમસ્ટોન ચોરીના સંબંધમાં એફઆઈઆર દાખલ કરી હતી. આ મામલામાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી પરંતુ પ્રધાનના વર્ચસ્વના કારણે કાર્યવાહી હાથ ધરવામાં આવી ન હતી. આ મામલામાં આજે કોર્ટે સજા સંભળાવીને બાબુભાઈને ત્રણ વર્ષની જેલની સજા કરી હતી. કોર્ટે તમામ પુરાવાના આધાર પર ચાર શખ્સોને સજા ફટકારી હતી. આમાં ભાજપના પૂર્વ સાંસદ ભરત ઓગેડાને પણ અપરાધી ઠેરવવામાં આવ્યા છે. આ તમામ લોકોને પોલીસે પોતાની કસ્ટડીમાં લઈ લીધા છે.

બાબુભાઈએ કોર્ટમાં પહેલાથી જ જામીન માટે અરજી આપી હતી જેને મંજુરી રાખીને કોર્ટે બાબુભાઈને સાત દિવસ માટે જામીન આપી દીધા હતા. તમામને સજાની સાથે સાથે પાંચ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૬માં સૌરાષ્ટ્ર કેમિકલ કંપનીના મેનેજર ઉમેશ ભાવસારે ચાર લોકો સામે ફરિયાદ કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે લાઈમ સ્ટોનની ચોરી કરવામાં આવી રહી છે. જ્યાં આ કંપની માઈનીંગના અધિકાર ધરાવે છે. ફરિયાદમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ચાર લોકો દ્વારા કરવામાં આવી રહેલી ગેરકાયદે માઈનીંગના કારણે ૫૪ કરોડ રૂપિયાનું નુકસાન થયુ છે. પોરબંદર અહીંથી ૧૮૦ કિલોમીટરના અંદરે સ્થિત છે. પોરબંદર પોલીસે ફરિયાદ બાદ શહેરના વિમાની મથકથી ૨૦૦૭માં બાબુભાઈની ધરપકડ કરી હતી. છેલ્લી વિધાનસભાની ચૂંટણી ૨૦૧૨માં યોજાઈ હતી જેમાં બાબુભાઈએ રાજ્ય કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડિયાને હાર આપી હતી. ગયા વર્ષે ૨૫મી ડિસેમ્બરના દિવસે સત્તાના સૂત્રો સંભાળનાર મોદી સરકારમાં બોખેરીયાને કેબિનેટ પ્રધાન બનાવવામાં આવ્યા હતા.





શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આજે ત્રીજા દિવસે ગાંધીનગર તાલુકાના કરાઈ, લીબડિયા, રણાસણ અને ફુલપુરા ગામે અધિક ચૂંટણી અધિકારી શ્રી સંજીવકુમારના હસ્તે આંગણવાડી અને ધોરણ- ૧ માં -વેશ મેળવતાં બાળકોને -વેશ અપાયો હતો. આજરોજ ગાંધીનગર તાલુકાના ભાટ ખાતે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેકટર શ્રી તપન રે એ આંગણવાડી અને ધોરણ- ૧ માં -વેશતાં બાળકોને કુમકુમ તિલક કરાવી, દફ્તર કીટ - રમકડાં આપી -ોત્સાહિત કર્યા હતાં. સાથે જ શાળાનાં તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન્યા હતા. ગાંધીનગર જિલ્લામાં શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના આજના ત્રીજા દિવસે ઉમળકાના વાતાવરણમાં વરિષ્ઠ સનદી અધિકારીઓ તથા પદાધિકારીકઓની ઉપસ્થિતિમાં બાળકોનો શાળા-વેશ કરાવાયો હતો.

# આગામી ૩૦મી જૂન સુધીમાં મંત્રીમંડળના વિસ્તરણની શક્યતા

## કેબીનેટ મંત્રી બાબુભાઈનું રાજીનામુ લેવાય તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યના કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયાને ગેરકાયદે ખનીજ ચોરી કૌભાંડમાં સજા થતાં રાજ્યમંત્રીમંડળના વિસ્તરણની પ્રક્રિયા તેજ બનવા પામી છે અને આગામી ૩૦મી જુન સુધીમાં મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગુજરાતની પેટા ચૂંટણીઓમાં ભાજપને વિજય મળ્યા બાદ રાજ્યમંત્રીમંડળના વિસ્તરણની સંભાવનાઓ જોવામાં આવી રહી હતી. આજે રાજ્ય સરકારના કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયાને પોરબંદરની કોર્ટે ગેરકાયદે ખનીજ ચોરી કૌભાંડમાં દોષીત ઠેરવીને ત્રણ વર્ષની સજા કરતા ભાજપમાં હલચલ મચી જવા પામી છે.

કેબીનેટ મંત્રી બોખીરાયાને માઈનીંગ કૌભાંડમાં સજા થતાં હવે મોદી મંત્રીમંડળના વિસ્તરણની પ્રક્રિયાઓ તેજ બનવા પામી છે. મંત્રીમંડળનું વિસ્તરણ કરીને નવા ત્રણ કેબીનેટ અને ચાર રાજ્યકક્ષાના મંત્રીઓનો સમાવેશ મંત્રીમંડળમાં કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. આગામી ૩૦મી જુન સુધીમાં મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જો મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તો તાજેતરમાં જ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ જેતપુર બેઠક પરથી પેટા ચૂંટણીમાં વીજયી થયેલા જયેશ રાદડીયાનો રાજ્યકક્ષાના મંત્રી તરીકે મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

આ ઉપરાંત હાલમાં રાજ્ય મંત્રીમંડળમાં સમાવીષ્ટ મંત્રીઓને ત્રણ થી ચાર ખાતાઓ ફાળવવામાં આવ્યા હોઈ મંત્રીમંડળના વિસ્તરણ સાથે મંત્રીઓના ખાતાઓમાં પણ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયાને કોર્ટે સજા કરતાં મંત્રી પદેથી રાજીનામુ લેવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જો કે બોખીરીયાએ કોર્ટના ચુકાદાને ઉપલી કોર્ટમાં પડકારવાનો નિર્ણય કર્યો હોઈ આગામી એકાદ સપ્તાહની રાહ જોયા બાદ બોખીરીયાનું મંત્રીપદેથી રાજીનામુ લેવું કે નહી તે અંગેનો ભાજપ દ્વારા નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

બોખીરીયાને માઈનીંગ કૌભાંડમાં કોર્ટે સજા કરતા રાજ્ય સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી અટકળો જોરશોરથી વહેતી થતાં પાટનગરમાં રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. મંત્રીમંડળનું વિસ્તરણ ૩૦મી જુન સુધીમાં થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## બોખેરીયા રાજીનામું નહિ આપે તો આંદોલન કરાશે

અમદાવાદ, તા.૧૫

પોરબંદરના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયાને કરોડો રૂપિયાની ખનીજ ચોરી બદલ કોર્ટે ત્રણ વર્ષની સજા ફરમાવતો આજે ચુકાદો આવ્યો હોવાથી તેમને તાત્કાલિક મંત્રીપદેથી રાજીનામું આપી દેવું જોઈએ. આ ઉપરાંત રાજ્ય સરકારે બાબુ બોખીરીયા સહિત ત્રણ ડઝન જેટલા લાઈમ સ્ટોન ચોરો પાસેથી રૂા. ૫૫૪ કરોડની રિકવરી માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવી જોઈએ. તેવી માંગણી કરતા ગુજરાત કોંગ્રેસ પક્ષના નેતાઓ અર્જુન મોઢવાડીયા, શંકરસિંહ વાઘેલા તથા શક્તિસિંહ ગોહિલે આજે એક પત્રકાર પરિષદમાં એવી પણ ચેતવણી ઉચ્ચારી હતી કે જો રાજ્ય સરકાર આ અંગે કોઈ કાર્યવાહી નહિ કરે તો મહાત્મા ગાંધીના પોરબંદરથી માંડીને રાજ્યભરમાં અને હાઈ કમાન્ડ મંજૂરી આપશે તો સમગ્ર દેશમાં કોંગ્રેસ આ મુદ્દે આંદોલન કરશે અને નરેન્દ્ર મોદીની કેબીનેટના વર્તમાન તથા ભૂતપૂર્વ ખનીજ ચોરો, સિમેન્ટ ચોરો, પાણી ચોર, હત્યારા, માસ મર્ડરર, વોન્ટેડ તથા તડીપાર પ્રધાનોનો કાળો ઈતિહાસ દેશ સમક્ષ રજૂ કરી મોદીના કથિન પ્રમાણિક વહીવટની પોલ પ્રજા સમક્ષ રજૂ કરીશું. વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ગુજરાતની નરેન્દ્ર મોદી સરકાર ઉપર ગંભીર આક્ષેપો જણાવ્યું હતું કે આ સરકારના મંત્રીઓ દાગી છે. પ્રજાની મિલ્કત ચોરનારા છે ગુનેગાર છે. ખનીજ કૌભાંડ કર્ણાટકના યેદિયુરપ્પાના કૌભાંડને પણ ટપી જાય તેવું છે. કર્ણાટકમાં લોકાયુક્તને કારણે યેદિયુરપ્પાની હાલત થઈ છે. ગુજરાતમાં લોકાયુક્ત હોત તો એક પણ મંત્રી બાકી રહ્યા નહોત.

## ૧૬મી ભારતી સહકારી કોંગ્રેસ

નેશનલ કો-ઓપ. યુનિયન ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી દ્વારા જુન માસની ૨૫ અને ૨૬મી તારીખે ૧૬મી ભારતીય સહકારી કોંગ્રેસનું આયોજન કરવામાં આવેલ છે. આ સહકારી કોંગ્રેસનું ઉદઘાટન તા. ૨૫મી જૂનના રોજ ભારતના મહામહિમ રાષ્ટ્રપતિશ્રી પ્રવણ મુખરજીના વરદ્‌હસ્તે એન.સી.યુ.આઈ.ના ઓડિટોરીયમ હૉલમાં નવી દિલ્હી મુકામે યોજાશે. આ પ્રસંગે ભારતના કૃષિ અને સહકાર મંત્રી શ્રી શરદ પવાર તથા અન્ય મહેમાનો ઉપસ્થિત રહેનાર છે. આ બાબતે રજીસ્ટ્રેશનની વિગત અમારી નીચે મુજબની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. તો આ અંગે જરૂરી માહિતી વેબસાઈટ WWW.NCUI.COOP પર મળશે.

Udaybhansinhji Regional
Institute of Cooperative Management,
Sector-30, Gandhinagar.

## શબ્દાવલી - ૫૦૯૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | | | |
| ૭ | ૮ | | ■ | | ■ | ■ | |
| ■ | | ■ | ૯ | | ૧૦ | ૧૧ | |
| ૧૨ | | ૧૩ | | ■ | ૧૪ | | ■ |
| ૧૫ | | | | | ■ | ૧૬ | ૧૭ |
| | ■ | ■ | | ■ | ૧૮ | | |
| ૧૯ | | | | ■ | ૨૦ | | |

### આડી ચાવી

૧. ઉત્કંઠાથી રાહ જોવી (૪)
૩. અરિસો, આયનો (૩)
૬. આંગડીયું પહોંચાડવાની સર્વિસ, ... સર્વિસ (૪)
૭. નર્મદા... યોજના (૪)
૯. સરખે સરખા દુઃખી (૫)
૧૨. રખવાળી કરનાર (૪)
૧૪. ખરલ, વાટવાનો પથ્થર (૨)
૧૫. ચગળાવવું (૫)
૧૬. યુવાનીમાં મોં પર થતી ફોડલી (૨)
૧૮. કપાળ (૩)
૧૯. નૉટી, તોફાની (૪)
૨૦. ખટક, ચાનક (૩)

### ઊભી ચાવી

૧. વન, જંગલ (૩)
૨. અમેરીકી નાણું (૩)
૩. અગ્નિ (૨)
૪. રોઈ પડવું,... પડી (૨)
૫. ગભરાયેલું, બાવરૂ (૪)
૬. દુનિયા, જગત (૩)
૮. સકુશળષ સાજા સારા (૪)
૯. હિમલાચ, સળવળવું તે (૫)
૧૦. પીડા, દર્દ (૨)
૧૧. જોરથી હસવું, કીલકીલાટ (૫)
૧૨. રોજાનો મહિનો (૪)
૧૩. એક રોગ, ... નો રોગ (૨)
૧૭. ...મટકો, અદા (૩)
૧૮. આટલુ કાગળ ઉપર પેનથી... (૨)

### શબ્દાવલી ૫૦૮૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) પ્રકાશન (૬) હલક (૭) જરાસંઘ (૯) મંથરા (૧૧) કદડો (૧૨) જોષ (૧૩) વદ (૧૪) ભાર (૧૬) આવરદા (૧૮) ખાર (૧૯) પાગલખાનુ (૨૦) મતિ

**ઊભી ચાવી :-** (૧) પ્રહરી (૨) કાલ (૩) શકમંદ (૪) કોરા (૫) અંધ (૭) જરા (૮) સંતોષ (૧૦) થડો (૧૧) કદ (૧૨) જોરદાર (૧૩) વન (૧૪) ભારખાનુ (૧૫) અવગતિ (૧૭) આગ

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
રજી. નં. ભ-૨૦૨૫, તારીખ : ૨૮/૧૦/૧૯૭૫
ટેલીફોન : (૦૭૯) ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

વાર્ષિક સાધારણ સભાની નોટીસ

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમિટેડની ૩૮મી વાર્ષિક સાધારણ સભા તા. ૩૦/૬/૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૮-૩૦ કલાકે સહકારી ઉપાહારગૃહ, જુના સચિવાલય, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. જેની મંડળીના તમામ સભાસદોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

તા. ૧૪/૬/૨૦૧૩ — દિલીપસિંહ ચૌહાણ, પ્રમુખ

## સુધારો

ગાંધીનગર મહાનગરપાલિકાની ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા તા. ૧૫/૬/૨૦૧૩ના ગાંધીનગર સમાચારમાં છેલ્લા પાને છપાયેલ છે. જેમાં ટેન્ડર નંબર-૨ બાનાની રકમ કોલમમાં શરતચૂકથી રૂ. ૨,૫૦,૦૦/- છપાઈ છે તેની જગ્યાએ ૨,૫૦,૦૦૦/- વાંચવી.

UDAYBHANSINHJI REGIONAL INSTITUTE OF COOPERATIVE MANAGEMENT
Sector-30, Gandhinagar - 382030, Gujarat
(An Institute of NCCT, Funded by Ministry of agriculture, Govt. of India, New Delhi)

Admission Notice (2013-15)

Post Graduate Diploma in Management - Agri. Business Management (PGDM-ABM)

Applications are invited from Graduates (50% for General, 45% for SC/ST Marks) with CMAT/CAT/MAT/XAT/ State MBA Entrance
Final year Graduate Students can also apply
The last date for registration is 30th June 2013.

Application forms can be downloaded from institute's Website or can be collected from the institute directly.

● Best Infrastructure Facility ● Wi-Fi Campus ● 100% Placement Assistance
● Industry Interface & Summer Internship ● Educational Loan from Banks

Web : www.urimanage.org • Email : uricm30@rediffmail.com
Call on : 079-23260783, 23260492, 23261715
09898567461 / 09586477450

Director

અલ્ટ્રાટેક સિમેન્ટ
ઍંજિનિયરની પસંદગી



FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ